રજૂ તારીખ : ૨૮/૦૧/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૮/૦૧/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૧,દિન–૦૭.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૭૨/૨૦૨૬.**

**અરજદાર :–** **અંકિતકુમાર રામજીભાઈ ચૌધરી,**
રહેવાસી : લાખગામ, ભાગા ફળીયું,
તાલુકો : માંડવી, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

==================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી એમ. બી. ટેલર.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૬–૦૦૧૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ–૩૦ મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી એમ. બી. ટેલરની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ–૩૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સદર ગુનામાં અરજદારની કોઇ ભૂમિકા જણાઇ આવતી નથી. અરજદારે ગુનામાં શું ભાગ ભજવેલ તે ફરિયાદમાં જણાવવામાં આવેલ નથી. પોલિસ દ્ધારા જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ નથી. અરજદારે ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ ભાગ ભજવેલ નથી. અરજદાર વિરૂદ્ધ અગાઉ ગુનો નોંધાયેલ, જે ગુનાના કામે અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલા, જેના કાઉન્ટર બ્લાસ્ટ તરીકે તથા અદાવત રાખી અરજદારને હેરાન પરેશાન કરવા માટે હાલની ફરિયાદ કરવામાં આવેલ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ માં છ માસની કેદની સજાની જોગવાઇ છે, જયારે ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ–૩૦ માં રૂ.૫૦૦/– દંડની જોગવાઇ છે. અરજદાર ડૉકટરનો વ્યવસાય કરે છે અનો જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે તથા તેઓની મેડિકલ પ્રેક્ટિસને પણ મોટું નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર જણાતી નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ–૩૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર બી.એચ.એમ.એસ.ની

ડીગ્રી ધરાવતાં હોવા છતાં તેઓએપોતાના દવાખાનામાં એલોપેથિક દવાઓ રાખેલ. હાલના અરજદાર સામે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૫) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ–૩૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર બી.એચ.એમ.એસ.ની ડીગ્રી ધરાવે છે, તેમ છતાં તેઓએ માંડવીના મોટા કુંભારવાડ તથા ઝંખવાવ ખાતેના પોતાના દવાખાનામાં દર્દીઓને આપવાના હેતુથી એલોપેથિક, સાયકોસોમેટીક, મેલેરીયા, ચામડી વિગેરેની દવાઓ, ક્રીમ, ઈન્જેકશન, સીરપ વિગેરેનો જથ્થો રાખી લોકોના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય સાથે ચેડાં કરેલ. આમ, હાલના અરજદાર સામે તેઓ બી.એચ.એમ.એસ.ની ડીગ્રી ધરાવતાં હોવા છતાં એલોપેથી દવાઓ દર્દીઓને આપવાના હેતુથી પોતાના ઘરે રાખેલ હોવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. હાલના અરજદાર સામે અગાઉ ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટ હેઠળનો ગુનો નોંધાયેલ હોય તેવી સામાવાળા તરફે કોઇ રજૂઆત નથી. રેકર્ડ જોતાં અરજદાર સામે ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટ હેઠળનો ગુનો પ્રથમ વખત નોંધાયેલ હોવાનું જણાઇ આવે છે, જેમાં રૂા.૫૦૦/– દંડની જોગવાઇ છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૮ માં છ માસની કેદની સજાની જોગવાઇ છે. આમ, અરજદાર સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ

નથી. અરજદાર સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવાપાત્ર છે અને આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. તપાસના કાગળો જોતાં અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની જરૂર હોય તેમ પણ જણાઇ આવતું નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં અરજદાર સામે અન્ય એક ગુનો નોંધાયેલ હોવાની હકીકત જણાઇ આવે છે, પરંતુ અરજદારને સખ્ત શરતોને આધિન આગોતરા જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા આરોપી વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા, ગુનાના કામે આરોપીની ભૂમિકા જેવા મુદ્દાઓને ધ્યાને લેતાં તથા ૨૦૧૧(૧) જી.એલ.એચ., પાના નંબર : ૧૧, સિદ્ધરામ મ્હેત્રે વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં હાલના અરજદારને આગોતરા જામીનની સવલત ફાળવી આપવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી અંકિતકુમાર રામજીભાઇ ચૌધરીની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૭૨/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) જો અરજદાર/આરોપીની માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૬૦૦૧૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૭૮ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસનર્સ એકટની કલમ-૩૦ મુજબના ગુનાના કામે ધરપકડ કરવાનો પ્રસંગ ઊપસ્થિત થાય તો અરજદાર તરફથી રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવામાં આવ્યેથી તેઓને તાત્કાલિક જામીન મુકત કરવાનો હુકમ

કરવામાં આવે છે અને અરજદારે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદારે તારીખ : ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ સંબંધિત પોલિસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર થવું અને ત્યાર બાદ તપાસ કરનાર અમલદાર અરજદારને જ્યારે બોલાવશે ત્યારે અરજદારે હાજર રહેવું અને તપાસનાં કામે સહકાર આપવો.

(૨) અરજદારે આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) જો અરજદાર પાસપોર્ટ ધરાવતાં હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની એફીડેવીટ રજૂ કરવી.

(૪) અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને કોઈ ધાક ધમકી, દાબદબાણ કે લાલચ આપવા નહીં કે ફોડવાનો કોઈ પ્રયત્ન કરવો નહીં.

(૫) અરજદારે તેઓની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ટ્રાયલ અદાલતમાં નિયમિતપણે હાજર રહેવું.

(૬) અરજદારે જામીન ઉપર છૂટતી વખતે તપાસ કરનાર અમલદાર રૂબરૂ પોતાનું કાયમી તથા હાલના રહેઠાણનું સરનામું પૂરું પાડવું અને જો સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ કરવી.

(૭) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી છ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઈ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી બપોર ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો

ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૭ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594